# જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં સ્પેશીયલ એજ્યુકેટર ભરતી વર્ગ-૩ ધો.૧ થી ૫ અને ધો.૬ થી ૮- ગુજરાતી માધ્યમ વર્ષ:૨૦૨૪ (જાહેરાત ક્રમાંક ૦૧/૨૦૨૪ અને ૦૨/૨૦૨૪)

## ભરતી અંગેની સામાન્ય સુચનાઓ

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સમિતિ, ગાંધીનગર દ્વારા તા.૧૫/૦૨/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ સ્પેશીયલ એજ્યુકેટર વર્ગ-૩ (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ ગુજરાતી માધ્યમ)ની જાહેરાત ક્રમ (૧-૨૦૨૪) અને (૨-૨૦૨૪) સંદર્ભે પાત્રતા ધરાવતાં ઉમેદવારો વેબસાઈટ http://vsb.dpegujarat.in ઉપર તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકથી તા.૨૮/૦૨/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ઓનલાઈન અરજીપત્રક ભરી શકશે અને ઉમેદવારોએ સ્વીકાર કેન્દ્ર પર અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૨૮/૦૨/૨૦૨૪ (૧૭:૦૦ કલાક સુધી) રહેશે.

ઉક્ત જાહેરાત અન્વયે વિકલાંગતા કેટેગરી તથા જિલ્લાવાર અને જાતિવાર ખાલી જગ્યાઓની વિગત અલગથી વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે.

## (1) શૈક્ષણિક લાયકાત:

- શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક:KH/SH/૦૭/PRE/૧૧૨૦૨૨/SF-૧૫/K, તથા સરકારશ્રી દ્વારા વખતો-વખત નિયત કરેલ સ્પેશીયલ એજ્યુકેટરની લાયકાતો નીચે મુજબ છે.

### (અ) સ્પેશીયલ એજ્યુકેટર - નિમ્ન પ્રાથમિક (ધોરણ ૧ થી ૫):

(૧) શૈક્ષણિક લાયકાત: માધ્યમિક અને/અથવા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી એચ.એસ.સી. પાસ અને

(૨) તાલીમી લાયકાત: આર.સી.ઈ. માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી મેળવેલ;

ડિપ્લોમાં ઈન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

અથવા

ડિપ્લોમાં ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (ડિપ્લોમાં ઈન એજ્યુકેશન સ્પેશીયલ એજ્યુકેશન સમકક્ષ)

(૩) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી -૧ (Sp.TET-I)

### (બ) સ્પેશીયલ એજ્યુકેટર – ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮):

(૧) શૈક્ષણિક લાયકાત: સ્નાતક પાસ અને

(૨) તાલીમી લાયકાત: આર.સી.ઈ. માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી મેળવેલ;

બેચલર ઓફ એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

અથવા

બેચલર ઓફ એજ્યુકેશન સ્પેશીયલ એજ્યુકેશન સમકક્ષ

(૩) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી -૨ (Sp.TET-II)

## (2) ખાસ શિક્ષક ભરતી માટેની નિયત થયેલ કેટેગરી

નીચેની કેટેગરીમાં સ્પેશીયલ એજ્યુકેટરની ખાલી જગ્યાઓ ભરવાની હોઈ ઉમેદવાર જે કેટેગરીમાં ઉમેદવારી કરવા માંગતા હોય તે કેટેગરીની ખાસ તાલીમી લાયકાત મેળવેલ હોવી જોઈશે. તો જ અરજી કરવાને પાત્ર ઠરશે.

(1) મગજનો લકવો (CP-Cerebral Palsy)

(2) પ્રજ્ઞા ચક્ષુ (VI-Visual Impairment), સંપૂર્ણ અંધ (TB-Total Blind), અલ્પ દ્રષ્ટિ(LV-Low Vision)

(3) સાંભળવાની વિકલાંગતા (HI-Hearing Impairment), વાણી સંબંધિત વિકલાંગતા (SI-Speech Imairment)

(4) બૌધિક વિકલાંગતા (ID-Intellectual Disability) માનસિક વિકલાંગતા (M.R./M.I)

(5) સ્વલીનતાની વિકલાંગતા (ASD-Autism Spectrum Disorder)

(6) શીખવાની અક્ષમતા (SLD-Specific Learning Disability)

(7) બહુવિધ વિકલાંગતા (MD-Multiple Disability) બે કે તેથી વધુ વિકલાંગતા ધરાવતાં

## (3) પગાર ધોરણ:

- સ્પેશીયલ એજ્યુકેટરને નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગાર નીતિ અને નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈ અનુસાર નિમણૂંક આપવામાં આવશે. નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:ખરચ /૨૦૦૨/ ૫૭ /(પાર્ટ-૪)/ઝ-૧, તા.૧૮/૧૦/૨૦૨૩ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૨૬૦૦૦/- ના ફિક્સ પગાર મળવાપાત્ર થશે. પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારના નિયમાનુસાર જે તે જગ્યા માટે વખતો-વખત નિયત કરેલ પગાર-ધોરણમાં સમાવવામાં આવશે.

## (4) વયમર્યાદા:

- શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક:KH/SH/૦૭/PRE/૧૧૨૦૨૨/SF-૧૫/K મુજબ
  - સ્પેશીયલ એજ્યુકેટર - નિમ્ન પ્રાથમિક ધોરણ ૧ થી ૫ માટે લઘુત્તમ વર્ય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા ૩૩ વર્ષ
  - સ્પેશીયલ એજ્યુકેટર ઉચ્ચ પ્રાથમિક ધોરણ ૬ થી ૮ માટે લઘુત્તમ વર્ય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા ૩૫ વર્ષ

## (5) વયમર્યાદામાં છુટછાટ:

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત અને આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયામર્યાદા ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામન્ય વહીવટ વિભગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયામર્યાદા ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયામર્યાદા ૧૦ (દસ) વર્ષની વધારાની છુટછાટ મળશે. (Resolution No.CRR:1063/6132-G Dt.05/01/1965)
- માજી.સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ,વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા ૬ માસની સેવા કરી હોય અને માજી.સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખપત્ર/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩ (ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.

નોંધ:- તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા નિયમ અનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

# (6) ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરતી વખતે ધ્યાનમાં લેવાની સુચનાઓ

{1} ઉમેદવારોએ આપેલી તમામ સુચનાનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ ઉમેદવારી પત્ર ભરવું, ઉમેદવારે કરેલ ભૂલ માટે ઉમેદવાર પોતે જવાબદાર રહેશે.

{2} ઉમેદવારોએ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષા (HSC) માન્ય માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડમાંથી પાસ કરેલી હોવી જોઈશે.

{3} સ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. માન્ય યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઇશે.

{4} બે વર્ષીય D.Ed./D.El.Ed.(સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) માન્ય સંસ્થામાંથી પાસ કરેલ હોવી જોઈશે.

{5} આ ભરતી હેઠળની નિમણૂંકો રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરેલ એસ.એલ.પી.નં.૧૮૧૩૬/૨૦૧૩ અને ૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધિન રહેશે

{6} મેરીટમાં આવતાં ઉમેદવારોના કોલ લેટર http://vsb.dpegujarat.in પરથી ઓનલાઈન જ ઉપરથી મેળવવાના રહેશે અન્ય કોઇ રીતે કોલલેટર મોકલવામાં આવશે નહીં. ઉમેદવારે કોલ-લેટરમાં દર્શાવેલ તારીખે જ જિલ્લા/નગર પસંદગી આપવામાં આવશે. કોઈપણ સંજોગોમાં તે પછીની તારીખે પસંદગીની તક આપવામાં આવશે નહી

{7} અરજી ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાત અને તાલીમી લાયકાતના તમામ વર્ષ/સેમેસ્ટરના ગુણપત્રકો, ડીગ્રી પ્રમાણપત્ર, તમામ ટ્રાયલ સર્ટીની એક-એક પ્રમાણિત નકલ તથા અન્ય જરૂરી તમામ પ્રમાણપત્રોની એક-એક પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.વધુમાં, સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જે દસ્તાવેજોની પ્રમાણિત નકલો અરજી સાથે રજૂ કરી છે તે તમામના અસલ પ્રમાણપત્રો ફરજિયાતપણે ખરાઇ કરવા માટે રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહી.

{8} જે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રામાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે.

{9} અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક નબળા વર્ગના ઉમેદવારોએ અનામતનો લાભ મેળવવા માટે સરકારના સક્ષમ અધિકારીનું જાતિ વિષયક પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવા ઉમેદવારોને જ સબંધિત અનામત કક્ષાની જગ્યાઓ માટે જોગવાઈ મુજબ ગુણ અને ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

{10} મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ રાખવાની રહેશે.

**{11} સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થતો હોવા અંગેનું (નોન ક્રિમેલીયર સર્ટી) પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.**

a. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થતો હોવા અંગેનું (નોન ક્રિમેલીયર સર્ટી) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ મુજબ નિયત થયેલ પરિશિષ્ટ ક/પરિશિષ્ટ ૪ ના નમૂનામાં રજૂ કરવાનું રહેશે.

b. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય ગણાશે નહિ

c. તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ મુજબ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્રની મહત્તમ અવધિ તે ઈસ્યુ થયાના વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષ રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઇએ.

d. અંગ્રેજીમાં રજૂ કરેલ પ્રમાણપત્ર ગ્રાહ્ય રહેશે નહિ.

{12} **આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પાત્રતા પ્રમાણપત્ર (E.W.S.)**

a. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવમાં દર્શાવ્ય મુજબ પરિશિષ્ટ –ગ ના નમૂનામાં રજૂ થયેલ હોવું જોઇશે.

b. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ મુજબ આ પ્રમાણપત્રની અવધિ ત્રણ નાણાંકીય વર્ષ સુધીની છે. આ જોગવાઈ મુજબ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે (કટ-ઓફ-ડેટ) પ્રમાણપત્રની અવધિ જળવાતી હોવી જોઇએ.

❖ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૮ ના કાયદાથી રાજ્ય સરકારની વિવિધ સંવર્ગોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગમાં નિમણૂંક માટે પસંદ થયેલ તમામ ઉમેદવારોને નિમણૂંક આપતાં પહેલાં જાતિના પ્રમાણપત્રોની સંબંધિત વિશ્લેષણ સમિતિ મારફત ચકાસણી કરાવવાની થાય છે. તે મુજબ સંબંધિત નિમણૂંક સત્તાધિકારી દ્વારા ચકાસણી કરાવ્યા બાદ જે ઉમેદવારના જાતિ પ્રમાણપત્ર ખોટા ઠરશે તેમનો જિલ્લા/નગર પસંદગી હુકમ આપોઆપ રદ થશે તેવી બાંહેધરી જિલ્લા પસંદગી પહેલાં આપવાની રહેશે અન્યથા ઉમેદવારી રદ કરવામાં આવશે.

{13} **શારીરિક અશક્તતા પ્રમાણપત્ર**

(i). શારીરિક અશકતતા ધરાવતાં ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રના 'પરિશિષ્ટ-અ' ના નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ શારીરિક અશક્તતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(ii). શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૨/સિ.ફા.-૫/ક/(પાર્ટ-૧), તા.૧૮/૦૧/૨૦૨૨ અન્વયે Category of Disability નીચે મુજબ છે.

(A). Blind-(B), low vision (LV) (૪૦-૭૦% )

(B). Hard Of Hearing (HH) (૪૦-૭૦% )

(C). Locomotor disability :- OA – One Arm, OL – One leg, BL – Both legs, OAL – One Arm and One Leg, LC- Leprosy Cured, CP-Cerebral palsy, Dw- Dwarfism, AAV- Acid attack victim, SD (Spinal Detormity-કરોડરજ્જુની વિકૃતિ), SI (Spinal Injury- કરોડરજ્જુજુની ઈજા)

(D). MI- Mental illness(૪૦-૭૦% ), MD- Multiple Disabilitie(૪૦-૭૦% )

આમ ઉપરોક્ત (A) થી (D) પ્રકારની વિકલાંગતાની ખામી ધરાવતા ઉમેદવારોને સ્પેશીયલ એજ્યુકેટરની ફરજોને અનુરૂપ ગણેલ છે.

(iii). ઉપર જણાવેલ વિકલાંગતાની ખામી ધરાવતાં ઉમેદવારોનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સંબંધિત જિલ્લામાં પ્રમાણપત્રની ખરાઈ તેમજ વિકલાંગતાની પુન: ચકાસણી કરાવવામાં આવશે અને રજૂ કરેલ પ્રમાણપત્ર ખોટું જણાશે તો જિલ્લા પસંદગી હુકમ તથા નિમણૂંક હુકમ આપોઆપ રદ થશે તેવી બાંહેધરી જિલ્લા પસંદગી પહેલાં આપવાની રહેશે અન્યથા ઉમેદવારી રદ કરવામાં આવશે.

**{14} માજી સૈનિક માટે:**

a. માજી સૈનિક ઉમેદવારે ઓછામાં ઓછી ૬ માસની નોકરી આર્મડ ફોર્સીસમાં કરેલી હોવી જોઇએ અને તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ હોવું જોઈએ.

b. માજી સૈનિક માટે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરવાની રહેશે અન્યથા ઉમેદવારી રદ કરવામાં આવશે.

{15} ઉમેદવારે જે સંસ્થામાંથી તાલીમી લાયકાત મેળવેલ હોય તે સંસ્થાને R.C.I ની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર (માન્યતા નંબર, તારીખ સહિત) ઉમેદવારે સંબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર રજૂ ન કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

{16} તમામ ઉમેદવારોએ આર.સી.ઈ. ખાતે REHABILITATION PROFESSIONAL તરીકે નોંધણી કરાવેલ હોવી જોઈશે અને આર.સી.આઈ. દ્વારા આપવામાં આવેલ CRR No સાથેનું સર્ટીફિકેટ ફરજિયાત રજૂ કરવાનું રહેશે. ઓનલાઈન અરજી કરતી વખતે નોંધણી નહી કરાવેલ ઉમેદવારોએ નિમણૂંક વખતે નોંધણી કરાવેલ હોવાનું પ્રમાણપત્ર બિનચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક આપવામાં આવશે નહીં.

{17} શિક્ષણ વિભાગના તા.૧૫/૦૭/૨૦૦૮ ના પરીપત્ર નં પીઆરઈ/૧૧૦૮/૮૧૪/ક ની જોગવાઇ મુજબ સ્પેશીયલ એજ્યુકેટર ભરતી માટે રમત-ગમત પ્રમાણપત્રોના આધારે મળતા ગુણ મેરીટ ગણતરીમાં ધ્યાને લેવામાં આવશે નહિ.

{18} બિન અનામત ઉમેદવારોએ રૂ. ૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ અને આર્થિક નબળા વર્ગ તથા શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ રૂ. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) અરજી ફી ભરવાની રહેશે જે ઉમેદવારે અરજીપત્ર સબમીટ કરાવતી વખતે સંબંધિત સ્વીકાર કેન્દ્ર પર રોકડેથી ભરવાના રહેશે આવી ફી ભર્યા સિવાયના અરજીપત્ર રદ થયેલ ગણાશે.

**{19} એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી કોલેજોમાંથી મેળવેલ લાયકાત અંગેની જોગવાઈ**

a. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૮/આર-૨૩/ખ-૧, તા.૨૬/૧૧/૨૦૧૯ ના ઠરાવ અનુસાર શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ના ઠરાવ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય તેવી તમામ સંસ્થાઓ જેમના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવાના સમયગાળા પહેલાની એસ.એન.ડી.ટી. વુમેન્સ યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન ડીગ્રીને માન્ય ગણવાનું ઠરાવેલ છે.

b. ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી અને વર્ષ ૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઇ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેના આધાર રજૂ કરવાના રહેશે.

**{20} માત્ર નીચે દર્શાવેલ ઓપન યુનિવર્સિટીમાંથી ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય ગણાશે.**

i. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની (ગુજરાતના સેન્ટરમાંથી પરીક્ષા આપેલ હોય) મેળવેલ ડિગ્રી

ii. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની ડીગ્રી

{21} **રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી રેગ્યુલય અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત માટે ઉમેદવારે રેગ્યુલર અભ્યાસ કર્યો છે તેની ખાત્રી કરાવે તેવા નીચે દર્શાવેલ આધારો પૈકી જરૂરી આધારો રજૂ કરવાના રહેશે.**

a. અન્ય રાજ્યની કોલેજમાં પ્રવેશ માટે ભરેલ ફીની પાવતી અને કોલેજ/યુનિવર્સીટીનું બોનાફાઈડ પ્રમાણપત્ર.

b. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.

c. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકટ (સંબંધિત વર્ગ નિરીક્ષકની સહી સાથે)

d. સંબંધિત લાયકાત માન્ય યુનિવર્સિટીમાંથી રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમ) દ્વારા મેળવેલ છે તે અંગેનું યુનિવર્સિટી રજિસ્ટ્રારનું પ્રમાણપત્ર

e. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશન સર્ટી)

f. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્ર

g. અભ્યાસ કરેલ કોલેજે જે યુનિવર્સિટીમાંથી માન્યતા/જોડાણ મેળવેલ હોય તો તેની નકલ અને યુ.જી.સી.ની માન્યતાની નકલ.

**h.** યુનિવર્સિટી/કોલેજમાંથી રેગ્યુલર અભ્યાસ કર્યાની હકીકત સાબિત કરતાં અન્ય કોઇ પુરાવો હોય તો તે

{22} પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ અરજીમાં દર્શાવેલ વિગતો અને ગુણ સંબંધિત વિસંગતતા હોય તો ઓનલાઈન ક્ષતિ સુધારણા પત્રક મેળવી તેમાં સુધારા કરી શકશે. મૂળ અરજીમાં દર્શાવ્યા સિવાયની કોઈ નવિન વિગત/માહિતી/લાયકાત ઉમેરી શકાશે નહીં કે મેરીટ ગુણ ગણવા માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

{23} સ્વીકાર કેન્દ્ર ઉપર અરજીપત્રની હાર્ડકોપી (પ્રિન્ટ કરેલ) જમા કરાવતાં પહેલાં અરજીપત્ર, અનુસૂચિ-૧ (ચેકલિસ્ટ), ફી ભર્યાની પાવતી અને ત્યાર બાદ સ્કેન કરેલ તમામ આધારો/પ્રમાણપત્રોને ૧ થી આગળના સળંગ ક્રમ નંબર આપી ક્રમમાં જોડવાના રહેશે. ઉપરાંત, અરજીપત્રક સાથે જોડેલ આધારો/પ્રમાણપત્રો ઉપર આપેલ પાના નંબર ચેકલિસ્ટની સંબંધિત કોલમમાં દર્શાવવાનો રહેશે.

{24} એક વખત સબમીટ કરાવેલ અરજીપત્રકમાં ઉમેદવાર એડીટ કરીને સુધારો કરે તો તેણે સુધારા કરેલ અરજીપત્રકની હાર્ડ કોપી રજૂ કરવાની રહેશે. જો આવી કોપી રજૂ કરેલ નહીં હોય તો આવા અરજીપત્ર રદ ગણાશે.

{25} ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા નિમણૂંક માટે પસંદગી પામેલ ઉમેદવારોને જિલ્લા ફાળવણી કરી જે તે જિલ્લાના હવાલે મૂકવામાં આવશે અને સંબંધિત જિલ્લા/નગર શિક્ષણ પસંદગી સમિતિ નિયમોનુસાર નિમણૂંક હુકમ આપશે.

# ઉમેદવારો માટે સામાન્ય સુચનાઓ

(1) જો ઉમેદવારે ખોટી માહિતી રજૂ કરેલ હશે તો ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે અને તે માટે કોઈ હક્કદાવો કરી શકાશે નહીં.

(2) સ્પેશીયલ એજ્યુકેટર ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો-વખત વેબસાઈટ પરથી જોવા મળી શકશે. સ્પેશીયલ એજ્યુકેટર ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉમેદવારોએ સતત વેબસાઈટ જોતા રહેવું.

(3) અરજી પત્રકમાં ઉમેદવારે મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી છે.

(4) અરજી પત્રકમાં ઉમેદવારે તેમનું ઇ-મેઈલ એડ્રેસ દર્શાવવાનું રહેશે જેથી અનિવાર્ય સંજોગોમાં જરૂર જણાયે ઉમેદવારને માહિતી/સુચના મોકલી શકાય.ભરતી પ્રક્રિયા પૂર્ણ નહીં થાય ત્યાં સુધી સતત ઇ-મેઈલ જોતા રહેવું.

(5) આખરી પસંદગીયાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી ઉમેદવાર પોતે સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી.

(6) સ્પેશીયલ એજ્યુકેટરની ભરતી પ્રક્રિયા દરમિયાન પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સબંધિત સત્તાધિકારી ઠરાવે તે શરતો અને બોલીઓને આધિન રહેશે અને ઉમેદવારો તે અંગેનું સંમતિપત્ર આપવાનું રહેશે.

(7) ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં નક્કી થયેલ કમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતાં હોવા જોઈશે.

(8) ઉમેદવાર ગુજરાતી/હિન્દી ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતાં હોવા જોઈશે.

(9) સ્પેશીયલ એજ્યુકેટર ભરતી પ્રક્રિયા અન્વયેની આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

(10) શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તથા અન્ય પ્રમાણપત્રો માટે અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તારીખ એટલે કે તા.૨૮/૦૨/૨૦૨૪ (CUT-OFF DATE) રહેશે. આ CUT –OFF DATE બાદ મેળવેલ કોઈપણ પ્રમાણપત્રો, શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહી.

(11) જાહેરાતમાં આપેલ સુચનાઓ/માર્ગદર્શન બાબતે વિવાદ અંગે ઠરાવની જોગવાઇ મુજબનું અર્થઘટન તમામને બંધનકર્તા રહેશે.

(12) ઉમેદવારે જિલ્લા સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવેલ અરજીપત્રની ઝેરોક્ષ નકલ અને ફી ભર્યાની પાવતી પોતાની પાસે સાચવી રાખવાની રહેશે.

(13) આ ભરતી અન્વયે ભરેલ ફી કોઇપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહિ.

(14) પ્રોવિઝનલ/ફાઇનલ મેરીટ પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાનું મેરીટ જોઇ તેની એક પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(15) ભરતી સંદર્ભે અથવા મેરીટ સંદર્ભે કોઇ પણ રજૂઆત કરવાની થાય ત્યારે રજૂઆત સાથે અરજીપત્રની નકલ, ફી ભર્યાની પાવતીની નકલ તથા ઉમેદવારનો મેરીટ નંબર અને મેરીટની નકલ અવશ્ય સામેલ કરવાની રહેશે.

(16) ભરતી સબંધિત જરૂરી ઠરાવો, માહિતી અને સુચનાઓ વેબસાઈટ ઉપર જોવા મળશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ ઠરાવો અને નિયમોનો પુરેપુરો અભ્યાસ કરી ઉમેદવારી પત્રક ભરવાનું રહેશે તે અંગે પાછળથી કોઇ રજૂઆત કે હક્કદાવો ધ્યાને લેવામાં આવશે નહિ.

તા.૧૫/૦૨/૨૦૨૪
સ્થળ:-ગાંધીનગર
જાહેરાત ક્રમાંક.૦૧ થી ૦૨/૨૦૨૪

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.

# અરજી પત્રક ઓન-લાઈન ભરવા માટેની સુચનાઓ:

1. સ્પેશીયલ એજ્યુકેટર ભરતી અંગેનું ઓન-લાઇન અરજી પત્રક વેબસાઇટ http://vsb.dpegujarat.in ઉપરથી તા..૧૯/૦૨/૨૦૨૪ થી તા.૨૮/૦૨/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.
2. અરજીપત્રક ભરતા પહેલા વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવારો માટેની સુચનાઓ, ઠરાવો, પરિપત્રો અને પત્રકોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો.
3. ઉમેદવારોએ સૌથી પહેલાં રજિસ્ટ્રેશન લિન્ક ઉપરથી પોતાની વિગતો ભરી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યાર બાદ લોગિન થયેથી અરજીપત્રક ખુલશે.
4. ઓનલાઈન અરજીપત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશ: ભરી અરજીપત્રક Save કરવાનું રહેશે. ઓનલાઈન Save કર્યા બાદ અરજીપત્રક સાથે જરૂરી લાગુ પડતાં તમામ આધાર/પુરાવાઓ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ત્યાર બાદ અરજીપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.
5. ઓન-લાઇન ભરેલું ફોર્મ કમ્પ્યુટર ઉપર SAVE કરતાં પહેલાં તે માહિતી ઓન-લાઇન ચકાસી લેવી અને ભરેલા ફોર્મમાં કોઇપણ ફેરફાર કરવો હોય તો તે કરી લેવો. એકવાર સ્વીકાર કેન્દ્ર કક્ષાએ અરજીપત્ર Final Submit થયા બાદ તેમાં સુધારો કરી શકાશે નહીં.
6. અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્રો ઉપર તા.૧૯/૦૨/૨૦૨૪ થી તા.૨૮/૦૨/૨૦૨૪ (રવિવાર અને જાહેર રજા સિવાય) સુધી રૂબરૂમાં સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
7. પ્રિન્ટ કરેલા ફોર્મમાં કોઇપણ જાતના સુધારા-વધારા કે છેકછાક કરેલા ફોર્મનો સ્વીકાર કરાશે નહિ. આમ છતાં જિલ્લા કક્ષાએ Final Submit થયા બાદ પણ જો કોઇ સુધારો કરવાની જરૂર જણાય તો કામ-ચલાઉ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ ક્ષતિ સુધારણામાં ઓનલાઈન ક્ષતિ સુધારણા ફોર્મ મેળવી સુધારો કરી શકાશે. પરંતુ નવિન વિગત/માહિતી/લાયકાત ઉમેરી શકાશે નહીં.
8. સ્વીકાર કેન્દ્રની યાદી વેબસાઇટ http://vsb.dpegujarat.in ઉપર મુકવામાં આવેલ છે.
9. અરજીપત્રની હાર્ડકોપી રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરૂરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરૂરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
10. અરજી પત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ સ્વીકારનારની સહીવાળી પહોંચ મેળવી સાચવવી,અને પસંદગી સમયે અચુક સાથે લાવવી
11. સ્વીકાર કેન્દ્ર અથવા ભરતી કાર્યાલયની કચેરીએ ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. રજૂ થયેલ અરજીપત્રો રદ ગણાશે.

તા.૧૫/૦૨/૨૦૨૪
સ્થળ:-ગાંધીનગર
જાહેરાત ક્રમાંક.સ્પે.એ.ભ:૦૧ અને ૦૨/૨૦૨૪

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.